# ૧.૪ પ્રભુ મહાવીરસ્વામીની સાધના, પ્રભાવ અને પૂર્વભવો

પ્રભુ મહાવીરે ઇ. પૂર્વે ૬૨૯ વર્ષે સંસારનો ત્યાગ કર્યો હતો, આત્મજ્ઞાન મેળવવા સંયમ પંથે ચાલી નીકળ્યા હતાં. પ્રભુજી જાણતા હતા કે ગમે તેવા મજબૂત રેશમના દોરડાં કે લોઢાની સાંકળોના બંધન કરતાં પણ બીજું કંઇક વધુ મજબૂત કર્મનું બંધન છે. દેહ– ઇન્દ્રિય અને મનના બંધનો જેવું જગતમાં બીજુ કોઇ બંધન નથી. તે બંધનો તોડવા કાયાની માયા છોડી દીધી, ઇંદ્રિયોને અંતર જ્ઞાનમાં વાળી લીધી, મન માંકડાને ધર્મ ધ્યાનમાં જોડી દીધું, કર્મોને તોડવા પ્રભુ સામે ચાલીને અનાર્ય (અધર્મ) ભૂમિમાં ગયા, અજ્ઞાનીઓના આક્રોશ–ગાળો–પ્રહારો હસતે મોંએ સહન કર્યા, ઉપસર્ગોની ફોજ સામે દૃઢપણે ઊભા રહ્યા અને બાવીશેય પરિષહોને સહન કરવામાં ક્યારેય પણ ઇન્કાર કરતાં ન હતાં.

jainuniversity.org

## સાધના એટલે સહનશીલતા ?

પ્રભુ વીરને જગતના લોકોને સાચા અર્થમાં દુઃખ મુક્ત અને પાપમુક્ત કરવા હતાં, તે પહેલા શક્તિ યુક્ત થવું જરૂરી હતું તે માટે સળંગ સાડાબાર વર્ષ સુધી અનેક ભીષ્મ પ્રતિજ્ઞાઓનું પાલન કર્યું. અરે ! સંયમ કાળમાં કુલ ૪૧૬૬ નિર્જળા (પાણી પીધા વિનાના) ચોવિહાર ઉપવાસો કર્યા. તેમાં ક્યારેક સળંગ છ–છ મહિનાના તો ક્યારેક પાંચ માસને પચ્ચીસ (૫–૨૫) દિવસના, બે માસ, દોઢ માસ, એક માસ, પંદર દિવસ, અઠ્ઠમ – છઠ્ઠ વગેરે ઉપવાસો કર્યા છે. તેમાં પણ બે દિવસ સળંગ તો ભોજન લીધું નથી પણ એક દિવસ માંય બે ટંક વાપર્યું નથી, તે દરમ્યાન ઉપસર્ગ કરનાર ગોશાલો આવ્યો હોય કે ગોવાળ આવ્યો હોય, સંગમ દેવ હોય કે કટપૂતના વ્યંતરી (દેવી) હોય, ચંડકૌશિક સર્પ ડસે કે લોકો પગમાં ખીર રાંધે, તમામે તમામનાં દુ:ખો –ત્રાસો– વેદનાઓ મારા પ્રભુએ અડગ પણે સહજતાથી મૌનપણે સહન જ કર્યા છે. તેઓએ ક્યારેય જીવને દોષિત ગણ્યા નથી, કે કશો પ્રતિકાર કર્યો નથી. છતાં વધારે વિશુદ્ધ બની બહાર આવ્યા છે.

## સાધનાની સિદ્ધિ

પ્રશ્ન એ થાય કે એક દેહધારી આત્મા આટલું બધું સહન કંઇ રીતે કરી શકે ? તેના બે જવાબો જડે છે. એક તો પ્રભુની જ્ઞાનદશા અતિ ઉચ્ચકક્ષાની હતી, ધ્યાનની ઊંડી ધારામાં ડૂબેલા રહેતા હતા, ચેતના અતિશય પ્રબળ હતી. અને કાયાના સ્તરે પ્રભુ જીવતાં જ ન હતા. બીજું તેઓએ જાત પ્રત્યે કઠોર અને જગતના જીવો પ્રત્યે કોમળતાભર્યો અભિગમ શ્વાસની જેમ અપનાવ્યો હતો. જેથી સહન કરવામાં સજાગ પ્રયત્ન કરવો પડ્યો જ નથી.

**પ્રભુ મહાવીરની સાધના એટલે.....?**

-:- જગતની સુધારણા કરતાં પહેલા જાતની સુધારણા,

-:- દેહનો રાગ તોડવા કઠીનતમ તપશ્ચર્યાઓનું પાલન,

-:- ચિત્ત શુદ્ધિ માટે ધ્યાનમગ્ન અવસ્થા,

-:- ચિત્ત શાંતિ માટે એકાંત - મૌનનું વધુ પાલન,

-:- સતત જાગરૂક બનવા અતિ અલ્પ નિદ્રા, (૧૨ાા વર્ષમાં કુલ ૪૮ મિનિટની નિદ્રા )

-:- અનુકૂળ પ્રત્યે - ગમો - રુચિ - પ્રીતિ નહિં તો પ્રતિકૂળ પ્રત્યે રોષ, રીસ કે અપ્રીતિ નહિં.

-:- સુખ - દુ:ખ, ગમા - અણગમા વગેરે સર્વ દ્વંદ ભાવોનો ત્યાગ,

-:- અહંભાવનો સર્વનાશ અને આત્મગુણોનું મધુરતમ રસપાન,

jainuniversity.org

**પ્રભુએ સાધનાથી શું પ્રાપ્ત કર્યું ?**

આ સાધના દરમ્યાન પ્રભુએ સાધનાથી ધૈર્ય, અભય, પ્રેમ-કરૂણા-અહિંસા-ક્ષમા-અમોહ અને સમતા આદિગુણોને આત્મવત્ સિદ્ધ કર્યા, સહજ અનંત ગુણો પ્રગટ થયા અને સંપૂર્ણજ્ઞાન-કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

**સાધનાસિદ્ધિના પ્રભાવે .....**

આ સાધના સિદ્ધિના પ્રભાવે ૪૨ાા (સાડા બેંતાલીસ) વર્ષે મહાવીર તીર્થંકર બન્યા અને જિન, અરિહંત- વીતરાગ કે જિનેશ્વર કહેવાયા. માનવ સમૂહો ચરણે ઝુક્યા, રાજાઓ આનંદિત થયા, દેવો - ઇન્દ્રો સ્તુતિ - સ્તવના કરવા લાગ્યા, નરનાથો - માનવો, સેવા કરવા લાગ્યા, ૩૪ અતિશયો પ્રગટ થયાં, વાણી પાંત્રીશ ગુણ યુક્ત સર્વશ્રેષ્ઠ બની, હિંસક પશુ- પંખીઓ શાંત બની ગયાં, સર્વના પાપ-સંતાપ શમવા લાગ્યા, જન સમૂહને પ્રેમ - આનંદ મળવા લાગ્યા, અજ્ઞાનીઓને સાચુ જ્ઞાન મળ્યું, હિંસક - ક્રુદ્ધ, પાપી જીવો, અહિંસક અને સાચા માનવ બન્યા. સારા અને સાચા માનવીઓ સમકિત પામ્યા, જ્ઞાની પંડિતો વગેરેએ સંયમ ગ્રહણ કર્યું. પુરુષાર્થથી જ્ઞાન - સાધનાને સિદ્ધ કરી તેઓએ અનંત સિદ્ધિ પ્રાપ્ત કરી અને મોક્ષે પધાર્યા, વર્તમાન સમયે પણ જૈનોની જાહોજલાલી, સંપન્નતા જે પ્રગટેલી છે. તે એમના પુણ્યકર્મનો પ્રભાવ છે.

વિશ્વમાં અહિંસા ધર્મનું સર્વથા નોંધપાત્ર પ્રદાન કર્યુ છે અને આગવી ગરિમા સાથે સંપૂર્ણ જૈન ધર્મ અડીખમ ઊભો રહ્યો છે, તે સઘળા યશનું કારણ કે મૂળ સ્રોત તરીકે પ્રભુ મહાવીરના અનુપમ પ્રભાવનું રહેલું છે.

**પ્રભુ મહાવીરના ૨૭ ભવો**

| | ભવ | આયુષ્ય | વિશેષ માહિતિ |
|---|---|---|---|
| ૧) | નયસાર | ——- | ભવનું પ્રથમ સમ્યક્ત્વ પશ્ચિમ મહાવિદેહમાં પામ્યા. |
| ૨) | સૌધર્મ દેવ લોકમાં દેવ | ૧ પલ્યોપમ | દેવસુખ ભોગવ્યું. |
| ૩) | મરીચિ | ૮૪ લાખ પૂર્વ | પ્રભુ ઋષભદેવનો પૌત્ર, ત્રિંદડી સાધુ, અનંત સંસાર વૃદ્ધિ, ઉત્સૂત્ર ભાષણ, કુળનો મદ, નીચ ગોત્ર બંધ, |
| ૪) | બ્રહ્મદેવલોકમાં દેવ | ૧૦ સાગરોપમ | દેવસુખ |

| | | | |
|---|---|---|---|
| ૫) | કૌશિક બ્રાહ્મણ | ૮૦ લાખ પૂર્વ | કોલ્લાક ગામે, ત્રિદંડી વેશ, મરીને ઘણા ભવો નાના-નાના કર્યા, સંસાર પરિભ્રમણ. |
| ૬) | પુષ્પમિત્ર બ્રાહ્મણ | ૭૨ લાખ પૂર્વ | સ્થૂણા નગરીમાં ત્રિદંડી થયા. |
| ૭) | સૌધર્મ દેવલોકમાં દેવ | મધ્યમ સ્થિતિ | દેવસુખ |
| ૮) | અગ્નિદ્યોત બ્રાહ્મણ | ૬૦ લાખ પૂર્વ | ચૈત્ય ગ્રામે ત્રિદંડી સાધુ |
| ૯) | ઇશાન દેવલોકમાં દેવ | મધ્યમ સ્થિતિ | દેવસુખ |
| ૧૦) | અગ્નિભૂતિ | ૫૬ લાખ પૂર્વ | મંદિર ગ્રામે ત્રિદંડી સાધુ |
| ૧૧) | સનત કુમાર દેવલોકમાં દેવ | મધ્યમ સ્થિતિ | દેવસુખ |
| ૧૨) | ભારદ્વાજ | ૪૪ લાખ પૂર્વ | શ્વેતાંબીનગરે ત્રિદંડી સાધુ |
| ૧૩) | માહેન્દ્ર દેવલોકમાં દેવ | મધ્યમ સ્થિતિ | દેવસુખ, ચ્યવીને નાના નાના અનેક ભવો |
| ૧૪) | સ્થાવર બ્રાહ્મણ | ૩૪ લાખ પૂર્વ | રાજગૃહીમાં ત્રિદંડી |
| ૧૫) | બ્રાહ્મણ દેવલોકમાં દેવ | મધ્યમ સ્થિતિ | દેવસુખ |
| ૧૬) | વિશ્વભૂતિ - રાજકુમાર | ૧ કરોડ વર્ષ | મુનિવર થયા, ગાય ઉછાળી, નિયાણું અંતે અનશન. |
| ૧૭) | મહાશુક્ર દેવલોકમાં દેવ | ઉત્કૃષ્ટ આયુષ્ય | ઊંચા દેવસુખ સ્થિતિ |
| ૧૮) | ત્રિપૃષ્ઠ વાસુદેવ | ૮૪ લાખ વર્ષ | કાનમાં સીસું રેડાવી, નિકાચિત કર્મ બાંધ્યું, પોતન પુરમાં, |
| ૧૯) | તમઃ તમઃ સાતમી નરકે, | ૩૩ સાગરો પમ | ૭મી માધવતી નરકમાં દુઃખ ભોગવ્યું. |
| ૨૦) | સિંહ | ——- | તિર્યંચગતિ પછી અનેકાનેક ભવો ભમ્યા. |
| ૨૧) | પંક પ્રભા ચોથી નરકે | ——- | અંજના નરકાવાસ પછી તિર્યંચના ઘણા ભવ. |
| ૨૨) | વિમલ રાજકુમાર | ——- | દયા પ્રેમી, દીક્ષા લઇ, ઉગ્ર તપ, અનશન કર્યું. |
| ૨૩) | પ્રિય મિત્ર ચક્રવર્તી | ૮૪ લાખ પૂર્વ | પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા ગ્રહણકરી, ક્રોડવર્ષ ઉત્કૃષ્ટ તપ કર્યું. |
| ૨૪) | મહાશુક્ર દેવલોકમાં દેવ | ૧૭ સાગરોપમ | દેવસુખ |
| ૨૫) | નંદન રાજર્ષિ | ૨૫ લાખ વર્ષ | ૧૧૮૦, ૬૪૦ માસ ક્ષમણથી ૨૦ સ્થાનક તપની આરાધના અને તીર્થંકર નામ કર્મબંધ |
| ૨૬) | પ્રાણત દેવલોકમાં દેવ | ૨૦ સાગરોપમ | પુષ્પોતરા વતંસક વિમાને દેવસુખ |
| ૨૭) | વર્ધમાન કુમાર | ૭૨ વર્ષ | ક્ષત્રિયકુંડ ( બિહાર) માં જન્મ, સિદ્ધાર્થ પિતા ત્રિશલા દેવી માતા, ૨૪ મા તીર્થંકર, ૧૨ા વર્ષની ઘોર સાધના, ૪૨ા વર્ષે કેવળજ્ઞાન, પાવાપુરીમાં નિર્વાણ મોક્ષ |

સાર : ૧૪ ભવ મનુષ્યના, ૧૦ ભવ દેવના, ૧ ભવ તિર્યંચનો, ૨ ભવ નરકના, ૧૮ મા ભવે વાસુદેવ, ૨૩ મા ભવે ચક્રવર્તી, ૨૭ મા ભવે તીર્થંકર પ્રભુ મહાવીર થયા.

jainuniversity.org